| | |
|---|---|
| | **કૃષિ મહાવિદ્યાલય, વઘઈ** |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી |
| | મુ.પો. વઘઈ, તા.વઘઈ, જિ.ડાંગ, પીન–૩૯૪ ૭૩૦ |
| **ડૉ.જે.જે.પસ્તાગીયા,**<br>**આચાર્ય(ઈ/ચા)**<br>મો.નં.૯૮૭૯૦૩૮૫૩૯<br>૯૬૨૪૩૬૩૯૯૯ | ફોન નં : ૦૨૬૩૧– ૨૪૬૬૮૮<br>ફેકસ : ૦૨૬૩૧ –૨૪૬૬૨૨<br>caw@nau.in |


# જાહેર હરાજી

**આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ (ડાંગ). પીન ૩૯૪ ૭૩૦**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અત્રેની કચેરી ખાતેના બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમોની જાહેર હરાજી અત્રેના કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ (ડાંગ) ખાતે તા.૧૦/૦૮/૨૦૨૧ મંગળવારનાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવી છે. તો રસ ધરાવતા ઈસમો કે જેમને હરાજીની શરતો માન્ય હોય તે રૂા. ૫૦૦૦/– ડિપોઝીટ પેટે સ્થળ ઉપર જમા કરાવી જાહેર હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીની શરતોની વિગત www.nau.in વેબસાઈટ પર તા.૯/૦૮/૨૦૨૧ સુધી જોવા મળશે.

**હરાજી સ્થળઃ– આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય,**
નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ (ડાંગ).

સહી/– આચાર્ય

**આચાર્ય**
**કૃષિ મહાવિદ્યાલય**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ(ડાંગ)**

---

કૃષિ મહાવિદ્યાલય,નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ(ડાંગ) કોલેજના બીન ઉપયોગી રાઈટ ઓફ કરેલ ડેડસ્ટોક આઈટમોના નિકાલ કરવા માટેની જાહેર હરાજી તારીખઃ–૧૦/૦૮/૨૦૨૧ના રોજ રાખેલ જાહેર હરાજીની બોલીઓ અને શરતો નીચે મુજબ છે.

## –:: હરાજીની શરતો અને બોલીઓ ::–

| | |
|---|---|
| ૧. | હરાજીમાં ભાગ લેનાર ઈસમ પુખ્ત ઉમરનો હોવો જરૂરી છે. |
| ૨. | હરાજીમાં ભાગ લેનાર ઈસમ બીન કેફી હાલતમાં હોવો જરૂરી છે. |
| ૩. | હરાજીમાં ડીપોઝીટની રકમ રૂા. ૫૦૦૦/– ભર્યા બાદ જ હરાજીમાં ભાગ લઈ શકાશે તથા જે ડીપોઝીટ હરાજીમાં માલ ન રાખનાર ઈસમોને વગર વ્યાજે પરત આપવામાં આવશે. |
| ૪. | હરાજીમાં ઉભી બોલી બોલનાર ઈસમને માલ કમિટી સભ્યોને બોલીની રકમ વ્યાજબી લાગે તો વેચાણે આપવામાં આવશે. તથા જાહેર હરાજીમાં જે પાર્ટીના ભાવ મંજુર થશે તેની ૫૦% રકમ હરાજી પૂર્ણ થયા બાદ તેજ સમયે કચેરીમાં જમાં કરાવવાની રહેશે. |
| ૫. | હરાજીમાં માલની બોલેલ બોલીની રકમ દિન–૨ (બે)માં ભરવાની રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો તમારી ભરેલ ડીપોઝીટની રકમ રૂા. ૫૦૦૦/– જપ્ત કરવામાં આવશે. |
| ૬. | હરાજી માન્ય રાખવી કે કેમ? તેની સંપૂર્ણ સત્તા હરાજીની કમિટીની રહેશે. |
| ૭. | હરાજીમાં માલ રાખ્યા પછી દિન–૨ (બે)માં બોલેલ બોલીની રકમના નાણાં પુરેપુરા રોકડા ભરપાઈ કર્યા બાદ જ માલનો કબ્જો આપવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી. |
| ૮. | ઓફિસ સમય(સવારે ૯–૦૦ કલાકથી સાંજના ૫–૦૦ કલાક ) દરમ્યાન તમોએ રાખેલ માલ બે દિવસમાં અત્રેની કચેરી માંથી ગેટ પાસ મેળવી તમારા ખર્ચે અને જોખમે પોતાના સાધનોથી પોતાની જાતે લઈ જવાનો રહેશે મુદત પુરી થયા બાદ કોઈપણ સંજોગોમાં માલ લઈ જવા દેવામાં આવશે નહી. |
| ૯. | ઉપરોકત બોલીઓ અને શરતો દરેકને માન્ય રહેશે અને તેમાં વધારો/ઘટાડો કરવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિત રહેશે. |
| ૧૦. | હરાજીની શરતોની વિગત nau.in વેબ સાઈટ પર જોઈ લેવી. |
| ૧૧. | આ બાબતે કોઈ વિવાદ ઉભો થશે તો તે બાબતનો આખરી નિર્ણય કમિટીનો રહેશે અને જે સંપૂર્ણ રીતે ઠેકેદારો/ઈસમોને બંધનકર્તા રહેશે. |

આચાર્ય
કૃષિ મહાવિદ્યાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ(ડાંગ)